ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૪/કવા–૦૪/૧૮–૧૯/ 4109 - 8 તા. 19-6-19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ગાયત્રીબેન રમેશભાઈ મુછડીયા,
ગામ ધોરાજી
C/O, સિદ્ધાર્થ નગર,
ભુખી ચોકડી પાસે, ધોરાજી
પીનકોડ-
મો:98 797 419 89

વિષય :–નવા ઘર લાઇટિંગ જોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨૪/કવા–૦૪/૧૮–૧૯ )

શ્રીમાન,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામા આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ધોરાજી

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર પેટા વીભાગીય કચેરી,ધોરાજી

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૪/કવા–૦૪/૧૮–૧૯/** તા.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૨૪/કવા–૦૪/૧૮–૧૯**

અરજદાર: ગાયત્રીબેન રમેશભાઈ મુછડીયા ગામ: ધોરાજી

રજૂઆત કરનાર: અરજદાર ગાયત્રીબેન રમેશભાઈ મુછડીયા વતી તેના પ્રતિનિધિ તરીકે મીનાબેન રમેશભાઈ મુછડિયા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ – **વિભાગીય કચેરી ધોરાજી**

રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **જે.એ.ગોસાઈ – વિભાગીય કચેરી ધોરાજી**

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

૩) મેમ્બર ટેકનીકલ - એન.ડી.ધામેલીયા

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: ૮-૦૫-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૮-૦૫-૨૦૧૯ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ ત્યારે સદર કેસની સુનાવણી કરવામાં આવેલ.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર ગાયત્રીબેન રમેશભાઈ મુછડીયા, ગામ:ધોરાજી તેઓની અરજી ના નોંધણી નંબર :૨૪/કવા–૦૪/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓએ તા.૨૧–૦૫–૧૮ ના રોજ ધોરાજી પાસે ના ભુખી ચોકડી પાસે – શ્રી હિતેન્દ્રભાઈ પમાભાઈ ભાસ્કર પાસેથી મકાન ની ખરીદી કરેલ છે, જેમા સીગલ ફેઈજ ઘરવપરાશ વીજજોડાણ લેવા માટે – શહેર પેટા વીભાગીય કચેરી,ધોરાજી મા અરજી કરેલ – જે અન્વયે – ભાવપત્રક અપાયેલ હતુ, જે તા.૦૨–૦૬–૧૮ ના રોજ ભરપાઈ કરી આપેલ, પરંતુ, કોઈ અજાણ વ્યકિત દ્રારા – તેઓના વીજજોડાણ ની અરજી અન્વયે – વાંધા અરજી રજુ કરાતા – અમારૂ વીજજોડાણ મળવા બાબતે ની કાર્યવાહી કરાયેલ નથી, જેથી તેઓને ખૂબજ મુશ્કેલી સહન કરવી પડતી હોય – સત્વરે વીજજોડાણ મળે તે બાબતે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શહેર પેટા વિભાગ ધોરાજી કચેરીના કાર્યક્ષેત્ર હેઠળના ધોરાજી શહેરના ઉપરોક્ત અરજદાર દ્વારા નવા ઘર વપરાશ કનેક્શન માટે તા.૨૪/૦૫/૧૮ ના રોજ અરજી કરેલ હતી. તેમાં તેમના દ્વારા જરૂરી ડોક્યુંમેન્ટ સાથે કબ્જા ભોગવટા ની રાવરી ખુલ્લી જમીન નો વેચાણ દસ્તાવેજ (નોટરાઈઝ કરેલ ) રજુ કરવામાં

પરંતુ તા.૧૧/૦૬/૧૮ સદર કનેક્શન બાબતે વાંધા અરજી કરનાર મધુબેન ઉકાભાઈ મકવાણા દ્વારા સદર જગ્યા પોતાની માલિકીની છે તેવો રજીસ્ટર્ડ દસ્તાવેજ ધોરાજી શહેર પેટાવિભાગીય કચેરી માં રજુ કરી ઉપરોક્ત અરજદાર ને પોતાની માલિકીની જગ્યામાં કનેક્શન ના આપવા જણાવેલ.

ઉપરોક્ત જગ્યા વિવાદિત હોઈ સદર જગ્યા કોની માલિકીની છે તે બાબતે શહેર પેટાવિભાગીય કચેરી દ્વારા શ્રી ચીફ ઓફીસર સાહેબ ધોરાજી નગરપાલિકા તેમજ જેમના દ્વારા નોટરાઈઝ કરેલ છે તેમને તા.૧૮/૦૬/૧૮ ના રોજ પત્ર દ્વારા જાણ કરવામાં આવેલ.સદર બાબતે તા.૩૧/૦૧/૧૯ થી શહેર પેટાવિભાગીય કચેરી દ્વારા ફોરમ ને માહિતગાર કરવામાં આવેલ છે.ત્યારબાદ ધોરાજી વિભાગીય કચેરી દ્વારા ફરીથી સદર બાબતે ફોરમની જાણ હેઠળ ફરિયાદી ગાયત્રીબેન ને તા.૨૭/૦૨/૧૯ ના રોજ પત્ર લખી ફરીથી જગ્યાની માલિકી સબંધી આધારપુરાવા દિવસ ૦૭ માં રજુ કરવા જણાવેલ તેમજ સદર જગ્યા કોની માલિકીની છે તે બાબતે શ્રી ચીફ ઓફીસર સાહેબ ધોરાજી નગરપાલિકા તેમજ જેમના દ્વારા નોટરાઈઝ કરેલ છે તેમને તા.૨૭/૦૨/૧૯ ના રોજ પત્ર દ્વારા જાણ કરવામાં આવેલ પરંતુ તેઓ બંને પાસેથી કોઈ પણ પ્રકારની ચોક્કસ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી કે ફરિયાદી ગાયત્રીબેન દ્વારા સદર જગ્યા બાબતના કોઈ આધારપુરાવા આજદિન સુધી રજુ કરેલ નથી. જેથી અરજદાર ના કનેક્શન ની જગ્યા વિવાદિત હોઈ હાલ કનેક્શન આપવાની કાર્યવાહી સ્થગિત કરવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર દ્વારા ઘરવપરાશના હેતુ માટે સીગલ ફેઇઝ વીજજોડાણ લેવા માટે ની અરજી ની નોંધણી તા.૨૩–૦૫–૧૮ ના અનુસંધાને – સામેવાળા દ્વારા નિયત ભાવપત્રક તા.૩૦–૦૫–૧૮ ના રોજ અરજદાર ને પાઠવવામા આવેલ. જે અરજદાર દ્વારા તા.૦૨–૦૬–૧૮ ના રોજ ભરપાઈ કરી આપેલ. સદર વીજજોડાણ આપવાની કાર્યવાહી સામેવાળા દ્વારા થતા મધુબેન ઉકાભાઈ મકવાણા દ્વારા – સદર વીજજોડાણ ની જગ્યાની માલીકી તેઓની હોય – સદર અરજદાર ને વીજજોડાણ ન આપવા માટે વાંધા અરજી તા.૧૧–૦૬–૧૮ ના રોજ સામેવાળા ને રજુ કરેલ.

૪.૨ ઉપરોકત બાબતે – સામેવાળા દ્વારા અરજદાર ને પત્ર તા.૦૬–૦૯–૧૮ થી જાણ કરેલ, તે મુજબ વીજજોડાણ માંગણી મુજબ ના સ્થળ પર વાંધા અરજી ના કારણે રદબાતલ કરવામા આવે છે, તેમજ અરજદાર દ્વારા ભરપાઈ કરેલ ભાવપત્રક ની રકમ રીફંડ મેળવવા માટે – ઓરીજીનલ રસીદ સાથે અરજી કર્યેથી નિયમાધીન કાર્યવાહી કરવામા આવશે. ત્યારબાદ, સામેવાળા દ્વારા અરજદાર ને તા.૨૭–૦૨–૧૯ ના રજીસ્ટર્ડ ટપાલ દ્વારા જણાવેલ કે – આધારભૂત માલીકી સબંધી આધાર–પુરાવા દિવસ –૦૭ ની સમયમર્યાદા મા રજુ કરવામા નહી આવે તો – આપના નવા વીજજોડાણ માટે ની અરજી દફતરે કરવામા આવશે, જેની નોંધ લેવા અરજદાર ને જણાવેલ છે.

૪.૩ આમ, ઉપરોકત સંજોગોમાં અરજદાર ની માંગણી મુજબ નુ સ્થળ અન્ય વ્યકિતની માલીકી–હકક હોય – તે અંગે ની રજુઆત સામેવાળા ને મળેલ છે. આમ, સદર જગ્યાની માલીકી વિવાદીત હોય, તેમજ અરજદાર ને ફોરમ કમિટી દ્વારા – સદર જગ્યાની તેઓની માલીકી હકક પુરવાર કરવા માટે અંદાજીત ૦૧ માસ નો સમયગાળો આપેલ. પરંતુ અરજદાર દ્વારા સદર જગ્યાની માલીકી–હકકના આધાર–પુરાવાર રજુ કરાયેલ નથી. જેથી, અરજદાર દ્વારા ભરપાઈ કરેલ ભાવપત્રક ની રકમ રીફંડ મેળવવા માટે – અરજદારે ઓરીજીનલ રસીદ સાથે અરજી કર્યેથી સામેવાળા દ્વારા નિયમાધીન કાર્યવાહી કરવી. આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનુ રહેતુ ન હોય, અરજદાર ની અરજી દફતરે કરવામા આવે છે. તેમજ– જો અરજદાર દ્વારા નવા વીજજોડાણ મેળવવા માટે ના – તેઓની માલીકી–હકક પુરવાર કરતા– જરૂરી નિયમાધીન આધાર–પુરાવા રજુ કર્યે– પીજીવીસીએલ દ્વારા વીજજોડાણ આપવાની નિયમાધીન કાર્યવાહી કરવાની રહેશે.

૪.૪ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | કા.વા.ચેરપર્સન |